કરારીય સમયગાળા દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના ફિક્સ પગારના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવા બાબત.

૧૧૫૬૧ ૧૫/૧૧/૨૦૨૨

10529
17/11/22

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક: રહમ/૧૦૨૦૧૭/યુ.ઓ./ ૧૦૬ (૧૮૦૯૯૫)/ક
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૯ /૧૦/૨૦૨૨

**વંચાણે લીધા:-**

(૧) સા.વ.વિભાગનો તા.૦૫-૦૭--૨૦૧૧નો ઠરાવ ક્રમાંક: રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક
(૨) સા.વ.વિભાગનો તા.૧૩-૧૦-૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક
(૩) સા.વ.વિભાગનો તા.૦૭-૦૪-૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક
(૪) સા.વ.વિભાગનો તા.૨૦-૦૭-૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: રહમ-૧૦૨૦૧૭-યુઓ-૧૦૬(૧૮૦૯૯૫)-ક

**આમુખ:**

સરકારશ્રીના ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવથી રાજ્ય સરકારની વિવિધ સેવાઓમાં ફરજ બજાવતાં નિયમિત કર્મચારીઓ પૈકી ચાલુ નોકરીએ અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને કર્મચારીની બાકી રહેલ નોકરીના સમયગાળાને ધ્યાનમાં લઇને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની યોજના દાખલ કરવામાં આવેલ અને વંચાણે લીધેલ ક્રમ (૨) પરના ઠરાવથી આ ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવા માટેના અગ્રતાક્રમ નક્કી કરવામાં આવેલ છે. ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમ (૩) પરના ઠરાવથી તા.૦૧/૦૪/૨૦૧૬ કે ત્યારબાદ ચાલુ નોકરીએ અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ચૂકવવાપાત્ર ઉચ્ચક નાણાકીય સહાયમાં વધારો કરવામાં આવેલ છે. ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૪) પરના ઠરાવથી કરારીય સમયગાળા દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના ફીક્સ પગારના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની નીતિ દાખલ કરવામાં આવેલ છે.

પ્રવર્તમાન સમયમાં વધતી જતી મોંઘવારી સામે રાહત મળે તે ધ્યાનમાં લઇ માનવતાના ધોરણે ઉચ્ચક નાણાકીય ચૂકવવાની રકમમાં વધારો કરવાની બાબતે રાજ્ય સરકારના માન્ય વિવિધ કર્મચારી મંડળો દ્વારા કરાયેલ રજૂઆતો ધ્યાને લઇ રહેમરાહે યોજનાના બદલે ચૂકવવામાં આવતી ઉચ્ચક નાણાકીય સહાયની રકમમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે સરકારશ્રી દ્વારા હાલની ઉચ્ચક નાણાકીય સહાયની રકમમાં વધારો કરીને આથી નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:**

(૧) રાજ્ય સરકારની વિવિધ કચેરીઓ ખાતેની નિયમિત જગ્યા ઉપર ફીક્સ પગારની નીતિ અન્વયે કરારીય ધોરણે નિમણૂક પામેલ વર્ગ-૩ અને વર્ગ-૪નાં કર્મચારીઓની ફીક્સ પગારની સેવા દરમ્યાન તા.૨૯/૧૦/૨૦૨૨ કે ત્યારબાદ થયેલ અવસાનનાં કિસ્સામાં રૂ.૦૭ લાખ (સાત લાખ)ની ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગનાં તા.૨૦/૦૭/૨૦૧૭ના ઠરાવ તેમજ ત્યારબાદ તે સંદર્ભે વખતોવખત થયેલ ઠરાવોની અન્ય તમામ અન્ય જોગવાઇઓ/ શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૯/૧૦/૨૦૨૨ તથા સરકારશ્રીની તા.૨૯/૧૦/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( સિમરન પોપટાણી )
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રીઓ/માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
ગુજરાત વિધાનસભાના માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ /રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો. (સર્વે ખાતાના વડાઓ/ખાતાના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓના તાત્કાલિક ધ્યાને લાવવા અંગે લેખિત સુચનાઓ પરિપત્રિત કરવાની સૂચના સહ).
સા.વ.વિભાગની સર્વે શાખાઓ / સર્વે અધિકારીશ્રીઓ.
સિલેક્ટ ફાઇલ.
વિભાગના સિસ્ટમ મેનેજરશ્રી તરફ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારું.

* પત્ર દ્વારા

ક્રમાંક/ઘ/સ્થ-૩/માધ્ય./ઉ.ના.મ./21952-85
કમિશ્નરશ્રી, મ.ભો અને શાળાઓની કચેરી
બ્લોક નં. ૯. ડૉ જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર. તા. 14/11/2022

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વર્ગ-3 અને વર્ગ-4ના કર્મચારીઓને આ ઠરાવની તમામ જોગવાઈઓ લાગુ પાડવા તથા આગળની જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી
ગુ.રા., ગાંધીનગર

---

ક્રમાંક/માધ્ય/ખ-૧/ઉ.ના.સ./૨૦૨૨/૨૨૯૯૨-૨૨૨૭૩

**ઇ-મેઇલ દ્વારા**

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
કરણસિંહજી હાઇસ્કુલ બિલ્ડીંગ,
સીટી ગેસ્ટ હાઉસ સામે, ભુપેન્દ્ર રોડ,
રાજકોટ-૩૬૦ ૦૦૧.
તા. ૦૬/૧૧/૨૦૨૨.

૨/- કમિશ્નર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંક: ધ/અ-૩/માધ્ય./ઉ.ના.સ./૨૧૯૫૨-૮૫, તા.૧૪/૧૧/૨૦૨૨ થી મળેલ **કરારીય સમયગાળા દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ ના ફિક્સ પગારના કર્મચારીઓના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવા બાબત**નો શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : રહમ/૧૦૨૦૧૭/યુ.ઓ./૧૦૬ (૧૮૦૯૯૫)/ક, તા.૨૯/૧૦/૨૦૨૨ આ સાથે સામેલ રાખી, જાણ તથા અમલવારી કરવા સારૂ મોકલી આપવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ

બિડાણ : ઉપર મુજબ

પ્રતિ,
(૧) આચાર્યશ્રી, તમામ બિન સરકારી અનુદાનિત માધ્યમિક/ઉ.મા. શાળાઓ, જિ. રાજકોટ.
(૨) તમામ બીટ શિક્ષણ નિરીક્ષકશ્રી તથા મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રીઓ, આ કચેરી.